મણીપુર રાજ્યની ઘટના શરમજનક ઘટના સંદર્ભે ભિલોડામાં બજાર સજ્જડ બંધ

વેપારીઓએ ધંધા-રોજગાર જડબેસલાક બંધ રાખ્યા : પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો

ભિલોડા,તા.૨૩

ભારત દેશના મણિપુર રાજ્યની બે મહિલા પર જાતિય દુષ્કર્મની શરમજનક ઘટના અને વંચિતો પર થતા અત્યાચારની વિરૂદ્ધમાં આદિવાસી વિસ્તારમાં વિવિધ આદિવાસી સંગઠનો દ્વારા સંયુક્ત રીતે બંધનું એલાન આપવામાં આવેલ છે.ગુજરાત રાજ્ય સહિત સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં તેમજ ભિલોડા તાલુકામાં શરમજનક ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.મણીપુર રાજ્યની ઘટના ને પગલે આદિવાસી વિસ્તારોમાં બંધના એલાન સંદર્ભે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે બજાર સજ્જડ બંધ રહેતા સન્નાટો છવાયો હતો.નાના-મોટા વેપારીઓએ ધંધા-રોજગાર સદંતર બંધ રાખી બંધના એલાન ને સંપુર્ણ ટેકો આપ્યો હતો.વેપારીઓએ સ્વયંભુ રીતે દુકાનો બંધ રાખતા કર્ફ્યું જેવો માહોલ પ્રવર્તી રહ્યો હતો.

આદિવાસી ડુંગરી ગરાસીયા સમાજ જનરલ પંચ (સાબરકાંઠા-અરવલ્લી) સહિત આદિવાસી સમાજના વિવિધ સંગઠનો દ્વારા બજાર બંધનું એલાન કરાયું હતું.આદિવાસી સમાજના સામાજીક આગેવાનો બાબુભાઈ.એમ.ખાણમા, રાજેન્દ્રભાઈ પારધી, ભરતભાઈ પારધી સહિત કાર્યકરોએ ભિલોડાના બજારમાં સવારે રેલી કાઢી હતી.દોષીતોને કડક માં કડક સજા થાય અને સરકાર ને પદભ્રષ્ટ કરવાની માંગ સાથે સુત્રોચ્ચાર પોકાર્યા હતા.બંધ ના એલાન સંદર્ભે કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.ભિલોડાના વેપારીઓ દ્વારા બંધના એલાન અન્વયે સંપુર્ણ સમર્થન આપી ધંધા-રોજગાર જડબેસલાક બંધ રાખ્યા હતા.

શિક્ષકોની ઘટ અને કામગીરી સોંપાતાં ૧ મહિના સુધી બાળકોનું શૈક્ષણિક ભવિષ્ય જોખમમાં

ઉત્તર ગુજરાતના ૮૦૦૦ પ્રા.શિક્ષકોને બી.એલ.ઓ. તરીકે કામગીરી સોંપાતાં વાલીઓમાં રોષ

આંગણવાડી કાર્યકર, મધ્યાહન ભોજન સંચાલકો સહિત અન્ય કર્મીઓને કામગીરી કેમ નહીં??

બાયડ, તા.૨૩

રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ચૂંટણી આયોગ દ્વારા મતદાન મથકોના પુનગઠન સહિત બી.એલ.ઓ.ને ઘેર ઘેર ફરી મતદારોનો સંપર્ક કરવા માટેના અભિયાનની ગત રોજથી શરુઆત થઈ છે અને ૧ મહિના સુધીમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૮૦૯૩ પ્રા.શિક્ષકો મતદારોનો સંપર્ક કરવા નિકળ્યા છે. શિક્ષકોની શાળાઓમાં ઘટ અને બી.એલ.ઓ.ની કામગીરી સોંપાતાં હજારો બાળકોનું ભવિષ્ય જોખમમાં આવી ગયો છે તેવો આરોપ લગાવી વાલીઓમાં રોષ પ્રવર્તિ રહ્યો છે. ચૂંટણીલક્ષી કામગીરી આંગણવાડી કાર્યકર, મધ્યાહન ભોજન સંચાલકો સહિત અન્ય વિભાગના કર્મચારીઓને કેમ સોંપાતી નથી ?? તેવા સવાલ પણ થઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી માટે અત્યારથી ચૂંટણીપંચ સક્રીય થયું છે જેમાં મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ હેઠળ તા.૧-૧-૨૦૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદાર યાદી અન્વયે ઘેર ઘેર ફરી ચકાસણી કાર્યક્રમ શરુ થયો છે. જેમાં મતદારો બી.એલ.ઓ. પોતાના ઘરે આવે ત્યારે મતદાર યાદીમાં નામની નોંધણી, કમી કે સુધારા કરાવી શકશે તેમજ આધારકાર્ડ, મોબાઈલ નંબર, લીંક પણ કરાવી શકશે. તા.૧-૧૦-૨૦૨૩ સુધીમાં ૧૮ વર્ષ પુરા થતા હોય તેઓ ફોર્મ નં.૬ ભરી મતદાર યાદીમાં નામ નોંધાવી શકશે અને જે વ્યક્તિ તા.૧-૧૦-૨૦૨૪ સુધીમાં ૧૮ વર્ષ પૂરા કરવાના છે તેઓ સંભવિત મતદાર યાદી તરીકે પોતાના નામની નોંધણી કરાવી શકશે. ત્યારબાદ બી.એલ.ઓ. દ્વારા ૧૫૦૦થી ૧૫૦૦ સુધી પહોંચાડવા માટે આસપાસના બીજા મતદાન મથકમાં સમાવવાની તૈયારીઓનું અભિયાન તા.૨૧ જુલાઈથી શરુ થયું છે. જેમાં ઉત્તર ગુજરાતની તમામ વિધાનસભા બેઠકના ૮૦૯૩ મતદાન મથકો ઉપર પ્રાથમિક શાળાના શિક્ષકોને બી.એલ.ઓ. તરીકે નિયુક્ત કરી મતદાન મથક પુન ગઠનની કામગીરીમાં ભરચોમાસે વિસ્તારો અને મતદારોના ઘર શોધી રહ્યા છે. જેના કારણે પ્રાથમિક શાળાઓમાં જે તે ધોરણનું બાળકોનું શિક્ષણ કાર્ય બગડી રહ્યું છે. ખાસ કરીને બાલવાટીકા તેમજ ધો.૧, ૨ ના શિક્ષકોને પણ બી.એલ.ઓ.ની કામગીરી સોંપાતાં આવા ધોરણના બાળકોને શાળામાં શિક્ષકોની અછતના કારણે પ્રારંભિક શિક્ષણ કાર્ય બગડતાં તેમના ભવિષ્ય ઉપર પણ અસર થઈ રહી છે. ત્યારે આંગણવાડી સહિત રાજ્યમાં અનેક બેરોજગારો છે તેમને વેતન સાથે બી.એલ.ઓ.ની કામગીરી સોંપવામાં આવે તો પ્રાથમિક શિક્ષણમાં બાળકોનું બગડતું ભણતર બચાવી શકાય.

૨૭-વિધાનસભા બેઠકના ૭૩ લાખ મતદારોનો શિક્ષકો ઘેર ઘેર ફરી સંપર્ક કરશે

ચોમાસા દરમ્યાન મતદારોનો ઘરે ઘરે સંપર્ક કરી મતદાન મથકોના પુન ગઠન માટેની કામગીરી ગત રોજથી રાજ્યમાં શરુ થઈ છે ત્યારે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૨૭-વિધાનસભા બેઠકમાં સમાવિષ્ટ ૭૩,૩૧,૦૨૯ મતદારોનો ઘેર ઘેર ફરીને પ્રા.શિક્ષકો ૧ મહિનામાં સંપર્ક કરશે. મતદાન મથકોના પુન ગઠનના કારણે મતદારોની સંખ્યા મતદાન મથક દીઠ ૧૫૦૦ સુધી લઈ જવાના અભિયાનના કારણે લોકસભા ચૂંટણીમાં ૩૦૦ થી વધુ મતદાન મથકો ઘટવાની સંભાવના છે અને તેના કારણે ચૂંટણી ખર્ચ પણ આપો આપ ઘટશે.

પાલનપુરના બેચરપુરાના રહેણાંક વિસ્તારમાં ઉભેલા ટાવરને દૂર કરવા સ્થાનિકોની માંગ

પાલનપુર તા.૨૩

પાલનપુરના બેચરપુરામાં રહેણાંક વિસ્તારના એક જમીન માલિકે વીસ વર્ષ અગાઉ સ્થાનિક રહીશોને અંધારામાં રાખી પોતાની જગ્યા માં ખાનગી કંપનીનો મોબાઈલ ટાવર ઉભો કરાવ્યો હોવાના કારણે સ્થાનિક લોકોમાં આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા હોવાને લઈ આ ટાવરને દૂર કરવાની માંગ સાથે જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરના બેચરપુરામાં આવેલ આંબેડકર સોસાયટી પાછળના વિસ્તારમાં સીટી સર્વે સીટ નંબર ૮૩ માં સીટી સર્વે નંબર ૧૦૫૧૭ અને ૧૦૫૧૯ વાળા માલિકના બે પ્લોટ ધરાવતી એક મહિલાએ વીસ વર્ષ અગાઉ સ્થાનિક લોકોને અહી પાણીની પાઈપ લાઈન નાખવાની હોવાનું બહાનું બતાવી તેમજ તેમને અંધારા રાખી સંમતિ માટે તેમની સહીઓ લીધી હતી ને બાદ પ્લોટ માલિકે તેમના પ્લોટમાં ખાનગી મોબાઈલ કંપનીનો ટાવર ઉભો કરાવી સ્થાનિકો સાથે છેતરપિંડી કરી હોવાની સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે.

ટાવરને લઇ છેલ્લા વીસ વર્ષથી સ્થાનિકોમાં સ્વાસ્થ્ય સાથે ચેડા થતાં હોવાની રાવ : જમીન માલિકે સ્થાનિકોને અંધારામાં રાખી ટાવર ઉભો કરાવ્યો હોવાના આક્ષેપ કરાયા

અને આ ટાવરને લઇ સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા હોઈ લોકોમાં આરોગ્યની સલામતી માટે આ વીસ વર્ષથી ઉભેલા ટાવરને અન્યત્ર ખસેડવાની માંગ સાથે સ્થાનિક લોકો દ્વારા સોમવારે પાલનપુર ખાતે જિલ્લા કલેકટર કચેરીએ આવેદન પત્ર પાઠવી ન્યાયની માંગ કરી હતી.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર મસ્ત મોટા ખાડા પડયા

ખાડાઓમા વરસાદી પાણી ભરાતા ખબર ના પડતા વાહન ચાલકો પટકાય છે : રોડ વચ્ચે ખાડા જવાબદાર તંત્ર ને દેખાતા નથી : અનેક વાહન ચાલકો ખાડામા પડતા હાડકા ભાગ્યા છે

પ્રાંતિજ તા૨૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર મસ્ત મોટા ખાડા પડવાથી વાહન ચાલકો પરેશાન તો અનેક વાહન ચાલકો ખાડામાં પડવાથી રોડ માપયો છે અને હાડકાં ભાગ્યા છે છતાં જવાબદાર તંત્ર હજુ ગૌર નિદ્રામા હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજ ના હાર્ટ સમાન એપ્રોચરોડ રોડ ઉપર છેલ્લા કેટલાય સમયથી રોડ વચ્ચોવચ્ચ મસ્ત મોટા ખાડા પડી ગયા છે અને અવરજવર કરતા બાઈક ચાલકો વાહન ચાલકો ખાડામાં પડવાથી હાડકાં ભાગ્યા છે અને રોડ માપયો છે ત્યારે રોડ ઉપર રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો તથા આ વિસ્તાર માં આવેલ સોસાયટી ના રહીશો દ્વારા તંત્રમાં રજુઆતો કરવા છતા રોડ વચ્ચે પડેલ ખાડાઓ પુરવામાં આવ્યા નથી ત્યારે હાલ ચોમાસા ની ઋતુ હોય અને વરસાદ પડતા ખાડાઓમા વરસાદી પાણી ભરાઈ રહેતા વાહન ચાલકોને ખબર ના પડતા અનેક નાના મોટા વાહન ચાલકો ખાડાઓમા પટકાય છે ત્યારે કેટલાય વાહન ચાલકો ખાડામાં પડવાથી હાડકાં ભાગવાની સાથે વાહન ચાલકો ને વાહન ને નુકસાન થતા નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રોડ વચ્ચે પડેલ મોટા મસ ખાડા પુરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

પરિણામમાં વિલંબ થતાં માગેલી માહિતીમાં ગોળગોળ જવાબ મળ્યો

ઉત્તર ગુજરાતના ઉમેદવારો જી.પી.એસ.સી.નું પરિણામ ૧૧ મહિના પછી પણ જાહેર ન થતાં અકળાયા : મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત પહોંચી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૩

ગત વર્ષે ઑગષ્ટ, સપ્ટેમ્બરમાં યોજાયેલ જી.પી.એસ.સી.ની જાહેરાત નં. ૩૦ ૨૧-૨૨નું પરિણામ ૧૧ મહિના પછી પણ જાહેર ન થતાં એક અરજદાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ પરિણામમાં વિલંબ અંગેની માહિતી માંગી તો ગોળ ગોળ જવાબ મળતાં ઉત્તર ગુજરાતના ૨૦૦૦થી વધુ ઉમેદવારો અકળાયા છે અને પરિણામમાં વિલંબથી સરકારની છબી ખરડાઈ રહી છે તેવી મુખ્ય મંત્રી સમક્ષ રજૂઆત પહોંચી છે.

મળતી જાણકારી અનુસાર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવામાં આવેલ તલાટી કમ મંત્રી તેમજ જૂનિયર ક્લાર્ક વર્ગ-૩ની પરીક્ષામાં લાખો ઉમેદવારોએ પરીક્ષા આપી છતાં માત્ર ૧ મહિનામાં પરિણામ જાહેર થઈ ગયું અને હવે ટૂંકમાં ભરતીની શરુઆત થવાની છે ત્યારે જી.પી.એસ.સી. દ્વારા ગત તા.૨૭ ઑગષ્ટ-૨૦૨૨, ૨૮ ઑગષ્ટ-૨૦૨૨ તથા તા.૪-૯-૨૦૨૨ના રોજ મુખ્ય પરીક્ષા યોજવામાં આવી હતી તેનું પરિણામ આજિંદન સુધી જાહેર ન થતાં નોકરીની રાહ જોતા અનેક બેરોજગારો હવે જી.પી.એસ.સી.ની પરિણામ જાહેર કરવાની ઢીલી નીતિ સામે રોષે ભરાયા છે અને હવે વડાપ્રધાનને પણ આ અંગે પત્ર લખવાનો અનેક બેરોજગારોએ નિર્ણય કર્યો છે. જ્યારે આ અંગે એક અરજદાર દ્વારા માહિતી માંગવામાં આવી ત્યારે પરિણામ રાહમાં છે, કેટલીક માહિતી આપવાની રહેતી નથી તેવા ગોળ ગોળ જવાબ મળતાં માહિતી અધિકાર કાયદાનું પણ ગળું દબાવવાનો પ્રયાસ થતો હોય તેવી લાગણી કેટલાક ઉમેદવારોમાં જોવા મળી છે. જી.પી.એસ.સી.ના ઈતિહાસમાં પ્રથમવાર કોઈપણ પરીક્ષાનું પરિણામ ૧૧ મહિના થવા છતાં જાહેર ન થયું હોય તેવી વિગતો બહાર આવતાં રાજ્ય સરકારે પણ પરિણામ બાબતે હસ્તક્ષેપ કરવો જરુરી છે અન્યથા આગામી લોકસભા ચૂંટણીઓમાં પણ આ મુદ્દો ભાજપને અકળાવી શકે છે.

કન્ફેક્ટીવાઈટીસ રોગચાળાનું સંક્રમણ વધ્યું, વિદ્યાર્થીઓ પછી શિક્ષકો ઝપેટમાં

જિલ્લાની શાળાના ૧૫૦થી વધુ શિક્ષકો અખિયાં મિલાકે રોગમાં પટકાયા

શનિવારે શાળાઓમાં મોંડ ૬૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી

બાયડ, તા.૨૩

કન્ફેક્ટીવાઈટીસના દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓમાં સંક્રમણ હાવિ થયા પછી હવે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૧૫૦ થી વધુ શિક્ષકો અખિયાં મિલાકે રોગમાં પટકાતાં ફરજીયાત ગેરહેવાની ફરજ પડી છે. આવનારા સમયમાં વધુ શિક્ષકો સંક્રમણમાં આવે તેવી દહેશત સેવાય છે. જિલ્લાની શાળાઓમાં ચેપી રોગનું સંક્રમણ વધ્યું છે જેના કારણે શનિવારે શાળાઓમાં માંડ ૬૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી જોવા મળી.

પ્રાપ્ત જાણકારી અનુસાર અખિયાં મિલાકે નામનો આંખમાં પીડા આપતા રોગચાળાએ બમણી ગતિથી સંક્રમણ કરતાં અનેક પરિવારો સાથે હવે શૈક્ષણિક સંકુલોમાં પણ રોગચાળો ડોકાયા પછી બાળકો સંક્રમિત થયા તે વર્ગના શિક્ષકો પણ અખિયાં મિલાકે રોગમાં પટકાઈ પડ્યા છે. જિલ્લાની હિંમતનગર, ધનસુરા, બાયડ, માલપુર, તલોદ, પ્રાંતિજ, ઈડર, ભિલોડા, મેઘરજ સહિતની ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં અનેક શિક્ષકોને આંખમાં બળતરા અને ત્યાર પછી આંખો લાલચોળ થઈ જતાં શાળાએથી છૂટ્યા પછી સીધા આંખ રોગ નિષ્ણાતના ત્યાં સારવાર માટે પહોંચ્યાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં તેજ ગતિએ કન્ફેક્ટીવાઈટીસ વાઈરસનું સંક્રમણ વધવા છતાં આરોગ્ય તંત્રએ હજુ પણ શાળાઓની મુલાકાત શરુ કરી નથી ત્યારે નિષ્ણાત તબીબોનું માનીએ તો આ વખતનો અખિયાં મિલાકે રોગમાં દર્દી સમયસર યોગ્ય સારવાર નહીં લે તો આંખોને વધુ નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરી છે. ભેજવાળા વાતાવરણના કારણે આ રોગનો ફેલાવો વધુ થઈ રહ્યો છે અને જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે છેલ્લા ૨૪ કલાકથી પ્રજાએ ક્યારેય ન અનુભવ્યો હોય તેવો ભીષણ બફારો અનુભવતાં અખિયાં મિલાકે રોગચાળો વધુ વકરે તેવી દહેશત હાવી થઈ ગઈ છે.

પાલનપુરની સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ

પાલનપુર તા.૨૩

બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરના એન. એસ. એસ. યુનિટ દ્વારા કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ.યોગેશ બી. ડબગરના માર્ગદર્શન હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પ્રિન્સીપાલશ્રીએ કાર્યક્રમમાં હાજર રહીને સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેમણે તેમના વક્તવ્યમાં જણાવ્યું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી દ્વારા અનેકવિધ સ્પર્ધાઓ વિદ્યાર્થીઓના સર્વાંગિક વિકાસ માટે આયોજિત કરવામાં આવે છે. જેનાથી વિધાર્થીઓ ની આત્મસૂઝ, નેતૃત્ત્વ નાં ગુણો, મૌલિંક શક્તિ વિકસે અને વિદ્યાર્થી પ્રોત્સાહિત થાય તે હેતુ છે.

આ દરેક સ્પર્ધા માં ઍક થી ત્રણ નંબરે આવેલ વિદ્યાર્થી નું નામ યુનિવર્સિટી કક્ષા એ મોકલવામાં આવશે સ્પર્ધા વ્યવસ્થામાં ડૉ. અંકિતા ચૌધરી, ડૉ. એસ.આઈ. ગટીયાલા, ડૉ. ધ્રુવ પંડયા, ડૉ. અમી પટેલ, ડૉ. શિતલ ચૌધરી, ડૉ. પૂજા મેસુરાણી, પ્રા. હેતલ રાઠોડ તથા પ્રો. સુનીલ ચૌધરી વગેરેએ કામગીરી બજાવી હતી. સ્પર્ધાનું સુચારું સંકલન અને આયોજન પ્રા. આર. ડી. વરસાતે કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના ઉપરવાસમાં ભારે વરસાદ થતાં દાંતીવાડા ડેમના દરવાજા ખોલાયા

બનાસ નદીના પટ વિસ્તારમાં કોઈએ પ્રવેશ કરવો નહીં : કલેકટર બરનવાલ

પાલનપુર તા.૨૩

ચાલુ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં અને દક્ષિણ રાજસ્થાનમાં સારા વરસાદને લીધે બનાસકાઠાં જિલ્લામાં આવેલ દાંતીવાડા ડેમમાં પાણીનો જથ્થો ૫૯૯ ફૂટ એટલે કે ડેમ ૮૫ ટકાથી વધુ ભરાતા આજે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં દાંતીવાડા ડેમના દરવાજા ખોલાવામાં આવ્યા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ પ્રસંગે કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલે જણાવ્યું કે દાંતીવાડા ડેમ પૂર્ણ સપાટી નજીક ૫૯૯ ફૂટ ભરાતા આજે ડેમના દરવાજા ખોલી ડેમમાંથી ૨૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. તેમણે જિલ્લાવાસીઓને અપીલ કરતા જણાવ્યું કે, આજે દાંતીવાડા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા છે ત્યારે બનાસ નદીના પટ વિસ્તારમાં કોઈએ પ્રવેશ કરવો નહીં, નદીના પટમાં પ્રવેશ કરવાને લીધે અકસ્માત થવાની સંભાવના રહેલી છે. . નદીમાં ન્હાવા માટે ન જવાની અપીલ કરતા તેમણે કહ્યું કે, નદીના પટમાંથી સલામત સ્થળે પોતાના જાનમાલ અને પશુધન સાથે સલામત સ્થળે ખસી જવા અનુરોધ કરવામાં આવ્યો છે તેમજ નદીના પટમાં માઈનિંગના કારણે નદીના વહેણ વિસ્તારમાં પડેલ ખાડાઓમાં ભરાતા પાણીમાં ન્હાવા પડવું જોખમી હોઈ એમ નહીં કરવા માટે તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે. આ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી પ્રવિણભાઈ માળી, શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી માવજીભાઈ દેસાઈ,રાજ્યસભા પૂર્વ સાંસદશ્રી દિનેશચંદ્ર અનાવાડીયા, પૂર્વ ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજના વડવાસા પાસેથી વિદેશી દારૂ ભરેલ ટ્રક પોલીસે ઝડપી

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વડવાસા પાસેથી વિજીલન્સ પોલીસ ની ટીમ દ્વારા બાતમી ના આધારે લાખ્ખો રૂપિયાના વિદેશી દારૂ ટ્રક સાથે બે ની અટકાયત કરી. હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવેઆઠ પ્રાંતિજ ના વડવાસા પાસેથી વિજીલન્સ પોલીસ ની ટીમ દ્વારા બાતમીના આધારે રાજસ્થાન થી રાજકોટ ખાતે લઈ જવાતો લાખ્ખો રૂપિયા નો વિદેશીદારૂ ભરેલ ટ્રક ને ઝડપી પાડયો હતો તો ટ્રક મા ઘાસ ના વેસ્ટ ભુસાની થેલીઓ ના આડ મા વિદેશીદારૂ લઈ જવાતો હતો તો ટ્રક ની અંદર ચોરખાનુ બનાવવામા આવ્યુ હતુ જેમા ઘાસના ભુસા ના કટ્ટા ની પાછળ ચોર ખાનુ હોય કટ્ટા ની આડ કરવામા આવી હતી અને તેની પાછળ વિદેશી દારૂ લઈ જવાતો હતો તો પોલીસે અંદાજે ૭૦૦ પેટી થી વધારે લાખ્ખો રૂપિયાના વિદેશી દારૂ સાથે ટ્રક ચાલક સહિત અન્ય એક વ્યક્તિ સહિત કુલ-બે ઈસમો જેમા પ્રતારામ દેવતારામ બિસનોયી તથા સોહનલાલ રાણારામ બિસનોયી બન્ને રહે જોધપુર-રાજસ્થાન ની અટકાયત કરી હતી અને લાખ્ખો રૂપિયા નો અંદાજે ૭૦૦ પેટી ઉપર વિદેશી દારૂ તથા ટ્રક ઝડપી પાડી પ્રાંતિજ પોલીસ ને સોપવામા આવી હતી.